Monday
23.01.2023
*Volume :7 * Issue No.174
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)




ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## પરમ વીરચક્ર પુરસ્કાર મેળવનારાઓના નામ પર ટાપુઓનું નામકરણ તેમને શાશ્વત શ્રદ્ધાંજલિ હશે

**પ્રધાનમંત્રી શ્રી નેતાજી સુભાષ ચંદ્ર બોઝ દ્વીપ પર બાંધવામાં આવનાર નેતાજીને સમર્પિત રાષ્ટ્રીય સ્મારકના મોડલનું પણ અનાવરણ કરશે**



કમલમ્ ન્યૂઝ,

પરાક્રમ દિવસ પર, પ્રધાનમંત્રી ૨૩મી જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા આંદામાન અને નિકોબાર ટાપુઓના ૨૧ સૌથી મોટા અનામી ટાપુઓને ૨૧ પરમવીર ચક્ર પુરસ્કારો પછી નામ આપવાના સમારોહમાં ભાગ લેશે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી નેતાજી સુભાષ ચંદ્ર બોઝ દ્વીપ પર બાંધવામાં આવનાર નેતાજીને સમર્પિત રાષ્ટ્રીય સ્મારકના મોડેલનું પણ અનાવરણ કરશે. આંદામાન અને નિકોબાર ટાપુઓના ઐતિહાસિક મહત્વને ધ્યાનમાં રાખીને અને નેતાજી સુભાષ ચંદ્ર બોઝની સ્મૃતિને માન આપવા માટે, રોસ ટાપુઓનું નામ બદલીને નેતાજી સુભાષ ચંદ્ર બોઝ દ્વીપ રાખવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ ૨૦૧૮માં ટાપુની મુલાકાત દરમિયાન નીલ ટાપુ અને હેવલોક દ્વીપનું નામ બદલીને શહીદ દ્વીપ અને સ્વરાજ દ્વીપ પણ રાખવામાં આવ્યું. દેશના વાસ્તવિક જીવનના નાયકોને યોગ્ય સન્માન આપવાને પ્રધાનમંત્રી દ્વારા હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. આ ભાવના સાથે આગળ વધીને, હવે ટાપુ સમૂહના ૨૧ સૌથી મોટા અનામી ટાપુઓને ૨૧ પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતાઓ પછી નામ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૌથી મોટા અનામી ટાપુનું નામ પ્રથમ પરમ વીર ચક્ર પુરસ્કાર મેળવનારના નામ પર રાખવામાં આવશે, બીજા સૌથી મોટા અનામી ટાપુનું નામ બીજા પરમ વીર ચક્ર પુરસ્કાર મેળવનારના નામ પર રાખવામાં આવશે, વગેરે. આ પગલું આપણા નાયકો માટે એક શાશ્વત શ્રદ્ધાંજલિ હશે, જેમાંથી ઘણાએ રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અખંડિતતાના રક્ષણ માટે અંતિમ બલિદાન આપ્યું હતું. આ ટાપુઓના નામ ૨૧ પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતાઓના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમ કે. મેજર સોમનાથ શર્મા; સુબેદાર અને હોની કેપ્ટન (તત્કાલીન લાન્સ નાઈક) કરમ સિંહ, એમએમ; દ્વિતિય લેફ્ટનન્ટ રામા રાઘોબા રાણે; નાયક જદુનાથ સિંહ; કંપની હવાલદાર મેજર પીરુ સિંઘ; કેપ્ટન જી.એસ. સલારિયા; લેફ્ટનન્ટ કર્નલ (તે સમયે મેજર) ધન સિંહ થાપા; સુબેદાર જોગીન્દર સિંહ; મેજર શૈતાન સિંહ; ઝઊિસ્ઉઁ. અબ્દુલ હમીદ; લેફ્ટનન્ટ કર્નલ અરદેશિર બુર્જોરજી તારાપોર; લાન્સ નાઈક આલ્બર્ટ એક્કા; મેજર હોશિયાર સિંહ; દ્વિતિય લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલ; ફ્લાઈંગ ઓફિસર નિર્મલજીત સિંહ સેખોન; મેજર રામાસ્વામી પરમેશ્વરન; નાયબ સુબેદાર બાના સિંહ; કેપ્ટન વિક્રમ બત્રા; લેફ્ટનન્ટ મનોજ કુમાર પાંડે; સુબેદાર મેજર (તે સમયે રાઈફલમેન) સંજય કુમાર; અને સુબેદાર મેજર નિવૃત્ત (હોની કેપ્ટન) ગ્રેનેડિયર યોગેન્દ્ર સિંહ યાદવ.

# ‘પરાક્રમ દિવસ’ નિમિત્તે ૫૦૦ કેન્દ્રીય વિદ્યાલયોમાં દેશવ્યાપી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે




- **૨૩મી જાન્યુઆરી ૨૦૨૩ને નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ ‘પરાક્રમ દિવસ’ તરીકે મનાવવામાં આવી રહી છે, જેથી વિદ્યાર્થીઓને મહાન નેતાના જીવન વિશે પ્રેરણા મળે અને તેમનામાં દેશભક્તિની ભાવના ઉભી થાય.**
- **પ્રધાનમંત્રી દ્વારા લખાયેલ પુસ્તક પર આધારિત ’એક્ઝામ વોરિયર’ બનવાની સ્પર્ધાની થીમ છે.**
- **કુલ ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે તેવી અપેક્ષા છે**

કમલમ્ ન્યૂઝ,

પરીક્ષા પે ચર્ચા ૨૦૨૩ની દોડમાં, વિદ્યાર્થીઓમાં પરીક્ષાના તણાવનો સામનો કરવા માટેની એક અનોખી પહેલ, ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ દેશભરમાં ૫૦૦ વિવિધ કેન્દ્રીય વિદ્યાલયો (KV)માં રાષ્ટ્રવ્યાપી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ વિદ્યાર્થીઓને મહાન નેતાના જીવન પર પ્રેરણા આપવા અને તેમનામાં દેશભક્તિની ભાવના જગાડવા, આ દિવસને ’પરાક્રમ દિવસ’ તરીકે મનાવવામાં આવે છે. વિદ્યાર્થીઓની રચનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહિત કરવા માટે, શિક્ષણ મંત્રાલય દ્વારા આવતીકાલે ચિત્ર સ્પર્ધા સહિત દેશભરની શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ચિત્ર સ્પર્ધામાં વિચારોની આ અનન્ય રચનાત્મક અભિવ્યક્તિમાં વિવિધ CBSE શાળાઓના વિદ્યાર્થીઓ, રાજ્ય બોર્ડ, નવોદય વિદ્યાલય અને કેન્દ્રીય વિદ્યાલયોના વિદ્યાર્થીઓની વિવિધ સહભાગિતા જોવાની અપેક્ષા છે. સ્પર્ધાની થીમ પ્રધાનમંત્રી દ્વારા લખાયેલા પુસ્તક પર આધારિત ’એક્ઝામ વોરિયર’ બનવાની છે. સમગ્ર દેશમાં આ ચિત્ર સ્પર્ધામાં કુલ ૫૦ હજાર વિદ્યાર્થીઓ ભાગ લે તેવી અપેક્ષા છે. નોડલ કેન્દ્રીય વિદ્યાલય, જ્યાં આ કાર્યક્રમ યોજાનાર છે, આ સ્પર્ધામાં વિવિધ શાળાઓના ૧૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. વ્યાપક રીતે ૭૦ વિદ્યાર્થીઓને જિલ્લાની સ્ટેટ બોર્ડની નજીકની શાળાઓ અને ઝમ્જીઈ શાળાઓમાંથી આમંત્રિત કરવામાં આવ્યા છે, ૧૦ સહભાગીઓ નવોદય વિદ્યાલયમાંથી અને ૨૦ વિદ્યાર્થીઓ નોડલ દ્રફજ તેમજ નજીકની KVsમાંથી, જો જિલ્લામાં કોઈ હોય તો, તેમને આમંત્રિત કરવામાં આવ્યા છે. પાંચ શ્રેષ્ઠ એન્ટ્રીઓનેસ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્રીય મહત્વના વિષયો પરના પુસ્તકોના સેટ અને પ્રમાણપત્ર સાથે પુરસ્કાર આપવામાં આવશે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ ચિત્ર સ્પર્ધાની ઉત્સાહપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

# વલસાડના ધારાસભ્ય ભરત પટેલનું જિલ્લા ભાજપ દ્વારા સન્માન કરાયુ



કમલમ્ ન્યૂઝ,વલસાડ

વલસાડ તાલુકા પ્રગતિ મંડળ ખાતે વલસાડ વિધાનસભા બેઠકના કર્તવ્યનિષ્ઠ કાર્યકરોનો આભાર અને ધારાસભ્ય ભરતભાઈ પટેલનો સન્માન સમારોહ જિલ્લા ભાજપ દ્વારા યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં પેજ કમિટીના સભ્યો, જિલ્લા ભાજપના અગ્રણીઓ અને નગર પાલિકા, જિલ્લા પંચાયતના આગેવાનો અને તાલુકાની ગ્રામ પંચાયતના સભ્યો અને અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ પાંખના અગ્રણીઓએ ધારાસભ્ય ભરતભાઈ પટેલને ૧.૦૪ લાખ મતોથી વિજેતા થવા બદલ અભિવાદન કર્યું હતું. જ્યારે ભરતભાઈ પટેલે તમામ કાર્યકરો અને અગ્રણીઓનો ઋણ સ્વીકાર કરી આભાર વ્યક્ત કર્યો હતો. વલસાડ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ભરતભાઈ પટેલને જંગી બહુમતી સાથે જીતાડી લાવવા બદલ વલસાડ તાલુકાના કર્તવ્યનિષ્ઠ કાર્યકરો અને પેજ કમિટીના સભ્યોનો આભાર વ્યક્ત કરવા માટે જિલ્લા ભાજપ દ્વારા કોળી પટેલ સમાજ વાડી ખાતે ઋણ સ્વીકાર અને ધારાસભ્ય ભરતભાઈ પટેલનો સન્માન સમારોહના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને જિલ્લા ભાજપ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ તાલુકાના કર્તવ્યનિષ્ઠ કાર્યકરો, નગર પાલિકાના કાઉન્સિલરો, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો અને સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખે જિલ્લાની ૫ વિધાનસભા બેઠકો ઉપર ભજપ ઉપર વિશ્વાસ રાખનાર તમામ મતદારોનો આભાર વ્યકત કર્યો હતો. સાથે વલસાડ બેઠક ઉપર BJPના ઉમેદવાર ભરતભાઈ પટેલને ૧,૦૪,૪૦૫ મતો ની જંગી લીડ અપાવવા બદલ તમામ મતદારોનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમમાં તાલુકાના ભાજપના તમામ સંગઠનના અગ્રણીઓ, પેજ કમિટીના સભ્યો, નગર પાલિકાના કાઉન્સિલરો, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યોએ ભરાતભાઈને વિજેય બનાવવા માટે જે મહેનત કરી છે. તે બદલ તમનો જિલ્લા ભાજપ પ્રમુખે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં અગ્રણીઓએ વલસાડના ધારાસભ્ય ભરતભાઈનું અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમમાં હેમંતભાઈ કંસારાએ રાજ્યની ૭૧ નગર પાલિકાઓ, ૧૭ તાલુકા પંચાયત, ૨ જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતોની ચૂંટણીની ડયું થયેલી તારીખો ઉપર પ્રકાશ પડતા જણાવ્યું હતું કે, ઝવેરી કમિશન દ્વારા OBC કોટામાં ૧૦% અનામતની માંગણી કરતો રિપોર્ટ રાજ્ય સરકારમાં સબમિટ કર્યા બાદ વિધાનસભામાં તેના ઉપર યોગ્ય નિર્ણય કર્યા બાદ આગામી ૩થી ૪ મહિના બાદ ચૂંટણી જાહેર થશે જે માટે વલસાડ, ધરમપુર અને પારડી નગર પાલિકાની ચૂંટણી આવે ત્યારે આજ જુસ્સા સાથે મ્ત્નઁના તમામ કાર્યકર્તાઓને કામે લાગી જવા અહવાહન કર્યું હતું. સાથે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીની તૈયારીઓમાં જોડાઈ જવા કાર્યકરોને જિલ્લા ભાજપ પ્રમુખે આહવાહન કર્યું હતું.

# ક્લિન-ગ્રીન ઊર્જાયુકત ગુજરાત વિષય આધારિત નવી દિલ્હીમાં પ્રજાસતાક દિને રજૂ થશે ગુજરાતની ઝાંખી

**કચ્છ-મોઢેરાની સાંસ્કૃતિક ઝલક અને સૌર-પવનઊર્જાના વિજ્ઞાનિક-તકનીકી અભિગમનું એકીકરણ કરીને પુનઃ પ્રાપ્ય-હરિત અને શુદ્ધઊર્જાના નિર્માણ દ્વારા ઊર્જાક્ષેત્રે દેશ અને દુનિયાને નવી રાહ ચીંધવાનો ઝાંખી દ્વારા સુંદર પ્રયાસ**









## ઝાંખીના મુખ્ય આકર્ષણનું કેન્દ્રો : કચ્છમાં આકાર લઇ રહેલા વિશ્વનો સૌથી વિશાળ હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક, દેશનું સૌ પ્રથમ 24x7 સોલાર ઊર્જા મેળવતું મોઢેરા ગામ, PM-KUSUM યોજના થકી ખેડૂતોની ખુશહાલી અને કેનાલ રુફટોપથી થતા સૌરઊર્જાનું ઉત્પાદન

કમલમ્ ન્યૂઝ,

ગુજરાતે સતત નવતર પ્રયોગો અને પ્રયાસો કરીને રાષ્ટ્રને નવી દિશા આપવાનું કાર્ય કરે છે. આ ઉપક્રમને બરકરાર રાખીને તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીના ’કર્તવ્યપથ’ પર આયોજિત થનારી પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત ’’ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત’’ વિષયને આવરી લેતી ઝાંખી રજૂ થનારી છે. જે દેશ અને દુનિયાને પુનઃ પ્રાપ્ય ઊર્જાસ્ત્રોતોનાં પ્રયોગથી હરિત અને શુદ્ધ ઊર્જાનું નિર્માણ કરીને આત્મનનિર્ભર બનવાનો સંદેશ આપશે. સમગ્ર વિશ્વ આજે પરંપરાગતઊર્જાસ્ત્રોતોની કટોકટીનો સામનો કરી રહ્યું છે. આ સ્ત્રોતો કાળક્રમે ક્ષીણ થઈ રહ્યા છે, તો બીજી તરફ આ ઊર્જાસ્ત્રોને લીધે પ્રદુષણ વધતા સમગ્ર પૃથ્વી ઉપરનું તાપમાન વધી રહ્યું છે, જેના લીધે દુનિયાના સંખ્યાબંધ દેશો ’’ક્લાઈમેટ ચેન્જ’’ના કારણે પૂર, ભૂસ્ખલન, ત્સુનામી, ભૂકંપ જેવી કુદરતી આપદાઓનો સામનો કરી રહ્યા છે, જેની ગંભીર ચિંતા ચાલુ વર્ષે United Nations Climate Change Conference or Conference of the Parties of the UNFCCC દ્વારા કરવામાં આવી છે. આ વિપરીત પરિસ્થતિનો મુકાબલો કરવા, પૃથ્વીના વાતાવરણને શુદ્ધ અને હરિયાળું રાખવા તથા UN Sustainable Development Goals (SDG) ના Affordable and Clean Energyના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે પુનઃ પ્રાપ્ય અને બિનપરંપરાગત ઊર્જાના સંસાધનોનો ઉપયોગ કરવાનું ગુજરાતે બીડું ઝડપ્યું છે. ગુજરાતે વર્ષ-૨૦૦૯માં ’’ક્લાઈમેટ ચેન્જ’’નો એક અલાયદો વિભાગ બનાવીને બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત : પવન ઊર્જા, સૌર ઊર્જા, જૈવિક ઊર્જા, હાઈડ્રો પાવર દ્વારા સંચાલિત વિવિધ પ્રોજેક્ટ્સ શરુ કર્યા છે. આજે દેશમાં ગુજરાત બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં અગ્રેસર છે. પ્રસ્તુત ઝાંખીના પ્રથમ ભાગમાં ગુજરાતના કચ્છના ખાવડા ખાતે આકાર લઈ રહેલા દુનિયાના સૌથી વિશાળ હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રિન્યુએબલ એનર્જી પાર્કનું નિદર્શન છે. બિનપરંપરાગત ઊર્જાના અખૂટ સ્ત્રોત સ્વરૂપ સૂર્ય અને પવનને પ્રતીકાત્મક રીતે હાથમાં ધારણ કરેલીએક ખુશહાલકન્યાને કચ્છના ભાતીગળ પહેરવેશમાં દર્શાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૧૧થી ગુજરાતના પાટણ જિલ્લાના ચારણકા ગામમાં રાજ્યનો સૌ પ્રથમ સોલાર પાર્ક કાર્યરત છે જ ! જયારે ઝાંખીના પૃષ્ઠભાગમાં ગુજરાતનું જાણીતું સૂર્યમંદિર જ્યાં આવેલું છે; તે મોઢેરાગામ BESS (Battery Energy Storage System) મારફતે દેશનું સૌ પ્રથમ ૨૪૮૭ સોલાર ઊર્જા મેળવતું ગામ બન્યું છે. તાજેતરમાં જ યુનાઈટેડ નેશન્સ(UN)ના સેક્ટરી-જનરલ અન્ટોનિઓ ગુટરસે (Antonio Guterres) સૌરઊર્જાથી આત્મનિર્ભર બનેલા મોઢેરાની મુલાકાત લઈને ગુજરાતના આ કાર્યની ખૂબ પ્રસંશા કરી હતી. આ સાથેPMKUSUM(Pradhan Mantri Kisan Urja Suraksha evam Utthan Mahabhiyan)યોજનામારફત સોલાર રૂફટોપથી ખેતીમાં સિંચાઈ, કેનાલ રૂફટોપથી ઊર્જા ઉત્પાદન, અન્ય અસ્કયામતો ઉપર પવન-સૂર્ય ઊર્જાથી ક્લિન-ગ્રીન ઊર્જા ઉત્પાદન કરીને આ ક્ષેત્રે આત્મનિર્ભરતા તેમજ આર્થિક ઉપાર્જનથી રાજ્યમાં થયેલી સુખદ ઊર્જાક્રાંતિને પ્રદર્શિત કરવામાં આવી છે. આ ઉપરાંત, કચ્છના સફેદ રણ, પારંપરિક રહેઠાણ ભૂંગા, કચ્છી પરિવેશમાં સજ્જ રણના વાહન ઊંટને દોરી જતી ગ્રામીણ કચ્છી મહિલા સહિતના ઘણા આકર્ષણો વિન્ડફાર્મ અને સોલાર પેનલ્સ સાથે આ ઝાંખીમાં રજૂ કરવામાં આવ્યા છે. ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંકીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ સુશ્રી અવંતિકાસિંઘઔલખ,માહિતીનિયામકશ્રી આર.કે.મહેતા, અધિક નિયામકશ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં શ્રી પંકજભાઈ મોદી તથા નાયબ માહિતી નિયામક સંજય કચોટ યોગદાન આપી રહયા છે. ઝાંખીનું નિર્માણ સ્માર્ટ ગ્રાફઆર્ટ એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડના શ્રીસિદ્ધેશ્વર કાનુગા કરી રહયા છે. આ ઝાંખી મારફતે બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોતોથી ઉજ્જવળ અને આર્થિક રીતે અગ્રેસર ગુજરાતે Nª Zero Emission તથા Affordable and Clean Energy ના ઉપયોગ વડે વિશ્વનું માર્ગદર્શકબની રહે તેવો અસરકારક સંદેશ આપવામાં આવ્યો છે.

